Divya Bhaskar Pg 9, 02nd March 2022

# પ્રથમ ક્રિપ્ટો ઇન્ડેક્સ -IC15નું બિટBNS પર ટ્રેડિંગ

મુંબઇ | વૈશ્વિક સુપર એપ - ક્રીપ્ટોવાયર અને ભારતમાં ક્રીપ્ટોકરન્સીના અગ્રણી એક્સચેન્જ - બિટબીએનએસ વચ્ચે આઇસી15ના ટ્રેડિંગ સંબંધે કરાર થયા છે. આઇસી15 એ ક્રીપ્ટોવાયરે ગત ત્રીજી જાન્યુઆરીના રોજ લોન્ચ કરેલો ભારતનો પ્રથમ વૈશ્વિક ક્રીપ્ટોકરન્સી ઇન્ડેક્સ છે. બિટબીએનએસ એક્સચેન્જ પર આઇસી15નું ટ્રેડિંગ આવતા નાણાકીય વર્ષથી અર્થાત્ એપ્રિલના પ્રથમ સપ્તાહથી શરૂ થશે. ક્રીપ્ટોવાયરના એમડી-સીઇઓ જોસેફ મેસીએ કહ્યું છે કે આઇસી15 માર્કેટ કેપિટલાઇઝેશનની દ્રષ્ટિએ 80 ટકા કરતાં વધારે ક્રીપ્ટો એસેટ્સનું પ્રતિનિધિત્વ કરે છે. જેમ જેમ ક્રીપ્ટોકરન્સી માર્કેટ વિકસતી જશે તેમ તેમ સહભાગીઓને આઇસી15 પર આધારિત અન્ય ઓફરિંગ્સનો લાભ મળવા લાગશે.